સુગમ્ય ભારત અભિયાન અંતર્ગત, અમદાવાદ
વડોદરા,સુરત અને ગાંધીનગરની ઈમારતોને
<u>સુગમ્ય બનાવવા બાબત.</u>
રૂા.૧૦૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ– અપગ/૧૦૨૦૧૬/૭૯૧૭૨/ન.બા.૧૪/છ.૧**
સચિવાલય,ગાંધીનગર.
**તારીખઃ–** 18 APR 2016

<u>વંચાણે લીધા :–</u>

(૧) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતાની કચેરી,ગાંધીનગરનો તા.૩/૨/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ– સસુખા/યજન/ન.બા./૨૦૧૫–૧૬/૩૫.

<u>ઠ રા વ :–</u>

ભારત સરકારના વિકલાંગજન સશકિતકરણ વિભાગ ધ્વારા સુગમ્ય ભારત અભિયાન શરૂ કરેલ છે. જે અંતર્ગત વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને સાર્વત્રિક સુગમ્યતા પ્રાપ્ત કરાવવા તથા તેના માટે સામુહિક જાગૃતિ કેળવવાનો હેતુ રહેલો છે. આ અભિયાન અંતર્ગત સુવ્યાખ્યાયિત સમયગાળાની અંદર સરકારી કચેરીઓ, હોસ્પિટલો,શાળા કોલેજ, પોલીસ સ્ટેશનો, પ્રવાસન સ્થળો, એરપોર્ટ,રેલ્વે સ્ટેશનો, બસ સ્ટેન્ડ વગેરેને સંપૂર્ણ સુગમ્ય બનાવવાનો સમાવેશ થાય છે.

૨/– ભારત સરકારના વિકલાંગજન સશકિતકરણ વિભાગ ધ્વારા ઘણા વ્યવસાયિક સંગઠનો, બિન– સરકારી સંસ્થાઓની યાદી બનાવેલ છે. જેઓ ઈમારતની સુગમ્યતાની સમીક્ષા કરી શકે અને તે ઈમારતોમાં સુગમ્યતાની લાક્ષણિકતાઓ દાખલ કરવામાં સહાયક બની શકે.

૩/– સુગમ્ય ભારત અભિયાન અંતર્ગત રાજયના ચાર શહેરો માટે પ્રથમ તબકકે આ શહેરોની સરકારી કચેરીઓ,હોસ્પિટલો, શાળા કોલેજો, પોલીસ સ્ટેશનો, પ્રવાસન સ્થળો, એરપોર્ટ, રેલ્વે સ્ટેશનો, બસ સ્ટેન્ડ વગેરેને સંપૂર્ણ સુગમ્ય બનાવવા માટેની નવી બાબત વંચાણે લીધેલ પત્રથી નિયામકશ્રી,સમાજ સુરક્ષાએ કરેલ હતી.જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૪/– પુખ્ત વિચારણાને અંતે સુગમ્ય ભારત અભિયાન અંતર્ગત અમદાવાદ,વડોદરા,સુરત અને ગાંધીનગરની ઈમારતોને સુગમ્ય બનાવવા અંગેની રૂા.૧૦૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૬ પછી કરવાનો રહેશે. અને જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની જોગવાઈ સુધારેલ અંદાજોમાં કરાવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૭) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઈઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે

૫/– આ અંગેનો ખર્ચ માંગણી નંબર–૯૨ (પ્લાન), પેટા મુખ્ય સદરઃ૦૨– સમાજ કલ્યાણ, ગૌણ સદરઃ૧૦૧–વિકલાંગોનું કલ્યાણ,પેટા સદરઃ૦૩ **SCW-8**, વિકલાંગના કલ્યાણ માટે યોજના બાબતના અનુદાન સદરે કરવાનો રહેશે.

૬/– આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૧/૩/૨૦૧૬ ની અંતિત નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

(એમ.એલ.ભગોરા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિઃ–

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

(૨) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ, બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર

(૫) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી,બ્લોકનં.૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત,અમદાવાદ/રાજકોટ

(૭) નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.

(૮) નાણા સલાહકારશ્રી,(સા.ન્ય અને અ.વિભાગ) બ્લોકનં.૧૪,બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સેકશન અધિકારી,કોમ્પ્યુટરસેલ/સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય,ગાંધીનગર.વિભાગની વેબ સાઈટમાં છ–૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૦) સિલેકટ ફાઈલ

RAJ10-99-101